# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન – જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૫૮ • તા. ૧૯ એપ્રિલ થી ૨૫ એપ્રિલ ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ધણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની પહેડીનું આયોજન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member



SHUBH
DIAMONDS

RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સદ્ભાવ અને સદ્ગુણોને સાચવીએ

પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં સારા ભાવ રાખવા જોઈએ. શુભ ભાવનું ચિંતન કરીને જે અંતરમાં વિચાર જાગે એનાથી દ્રષ્ટિ સારી થશે, નિર્મળ થશે. માણસની અંદર જે પ્રકારના ભાવ જાગે છે તે પ્રમાણે તેનું જીવન ઘડાય છે. માણસના વિચારો સારા હોય તો તેનું વર્તન પણ તે મુજબનું સારું જ થાય. જો વિચારો દોષ ભર્યા હશે તો વર્તન પણ એવું જ દુષિત થશે. જે કદી કોઈનું સારું જોશે નહીંને કોઈનું સારું કરશે નહીં.

દરેકના મનમાં દુર્ગુણ અને સદ્ગુણના ભાવો હોય છે. દરેક સંસ્કારીને શિક્ષિત સભ્ય અને સારા પરિવારનો વ્યક્તિ સારો જ હોય છે, પણ કદિક સંગને કારણે તે દુર્ગુણના દુષિતપણાથી ગ્રસ્તિ થઈ જાય છે. સજાગ, સચેત દરેક વ્યક્તિ સારો થવા ચાહે છે અને સતત એ માટે જ મથે છે અને કોઈપણ હિસાબે પોતાનામાં રહેલી નબળાઈઓ દૂર કરવાના પ્રયાસોમાં રત રહે છે. આમ છતાં કેટલીક મૂળભૂત કમજોરી ઓને લીધે તેનામાં ઝટ પરિવર્તન આવતું નથી. કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ નથી. પણ સંકલ્પ બળ અને આંતરિક તાકાત તેને સતત દુર્ગુણના માર્ગથી પાછા વળવા પ્રેરે છે. એટલે ગમે તેવો ખરાબ માણસ પણ તે અંતરથી સારું કરે તેવા પ્રયાસમાં રહે છે. તો સારો વ્યક્તિ પોતાનાથી અજાણતા કંઈ ખોટું-ખરાબ ન થાય એ પ્રત્યે સભાન રહે છે. દરેક વ્યક્તિ પોતાની ઉણપ દૂર કરવા માગે છે પણ દુર્ગુણોના દલદલ ગંદવાડ એટલો ઝટ સાફ થવાનો નથી. એ માટે સતત મથવું પડે છે, પ્રયાસ કરવા પડે છે.

સારા સદ્ગુણરૂપી સંસ્કારની સરવાણી જો સતત વહેતી થશે તો એની પાછળ પાછળ બીજા સદ્ગુણો જેવા કે પ્રેમ, દયા, કરૂણા, માનવતા, સંતોષ અને પરોપકાર ભાવ પણ આવી જવાના. અને જો દુર્ગુણની જડ સતત પ્રયત્નો છતાં જડમૂળ ન થઈ, નાબૂદ ન થઈ તો તે રાગ, દ્વેષ, લોભ, મોહ, ક્રોધ અને અસંતોષના ભંડાર આપણી અંદર ઠાલવવાની. એટલે જ કોઈ જ્ઞાની એ સાચું કહ્યું છે કે સારી વસ્તુ બીજી સારી વસ્તુને આકર્ષે છે અને એક ખરાબ ચીજ બીજી ખરાબ વસ્તુને આવવાનો મારગ મોકળો કરી આપે છે.

દરેક વ્યક્તિના વિચાર, સંસ્કાર અને આચાર ભિન્ન ભિન્ન હોય છે. તેવી જ રીતે દરેક વ્યક્તિની ઊણપો, નબળાઈઓ અને કમજોરી જુદી હોય છે. દરેકએ પોતાની અંદર રહેલ નબળી કડીને શોધી કાઢે અને તેને દૂર કરવામાં ખૂંપી જાય તો નિશ્ચિત જીવન બદલાઈ જવાનું. આપણા સામે આવતી વ્યક્તિને દર્પણની જેમ નિરખવી જોઈએ. કારણે કે આપણામાં જે સમાયેલું છે એ સામાવાળામાં દેખાવાનું છે. આપણી પાસે સારું હશે તો આપણને એમાં સારું, શુભ દેખાવાનું છે ને આપણી ખરાબ સંપદાઓ હશે તો બીજામાં પણ ખરાબી દેખાવવાની છે. માટે જીવનમાં હમેશા સારા ભાવ રાખવા જોઈએ, કલ્પવા જોઈએ જેથી છેવટે તો શુભ અને સારું થાય અને સદ્ભાવ ભર્યું જીવન ઘડાય આપણે આપણ સદ્ગુણોને સાચવીને દુર્ગુણોને જાણીએ અને તેને દૂર કરવાના પ્રયાસ કરીએ તો પરિવર્તન થવાનું જ છે એ નક્કી છે.

-જય જ્ઞાતિમૈયા

# વાંચનનું જીવનમાં મહત્વ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં વાંચન સાર્થક બનાવતું સૌથી અગત્યનું પાસું છે. કોઈને માટે વાંચન ટાઈમ પસાર કરવાનું સાધન હોઈ શકે છે. નવરાશનો સમય પસાર કરવા માટેની પ્રવૃત્તિ છે, તો કોઈકના માટે જીવનનો સૌથી મોટો આદર્શ માર્ગદર્શક અને શિક્ષક હોઈ શકે છે. વાંચન એ જીવનને અર્થમય રીતે જીવવાનો પ્રાણ વાયુ છે. સાત્વિક વાંચનથી જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે છે. સારું વાંચન વ્યક્તિને દુ:ખમાંથી ઉગારવાનો રસ્તો અને સુખને જીવનમાં લાવવાનો રસ્તો બતાવે છે.

પુસ્તકો ઘણા બધાં પ્રકારના હોય છે. સાહિત્યના નવરસ છે. આ દરેક રસ જે તે પુસ્તકમાં ભંડારમાં ઘરબાયેલા હોય છે. કસરતથી જે લાભ શરીરને મળે છે તેવા પ્રકારનો લાભ સારા પ્રકારના પુસ્તકના વાંચનથી મળે છે. વાંચતા આવડતું હોય છતાં પણ જે વાંચતો નથી તે નિરક્ષર જેવો જ છે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમમાં આવતાં પુસ્તકો વાંચે છે. જે તેમની માટે જરૂરી છે. શિક્ષણ પાઠ્યક્રમના પુસ્તકોના વાંચનથી તેમના માહિતી અને જ્ઞાનમાં વધારો થાય છે. અને અભ્યાસ કારકિર્દીમાં આગળ વધવા માટે તેમને જરૂરી ઈંધણ પૂરું પાડે છે. પરંતુ જ્ઞાનની સીમા અસીમિત કરવા માટે વિદ્યાર્થીઓ એમના પાઠ્યપુસ્તકો ઉપરાંત અન્ય જ્ઞાનલક્ષી પુસ્તકો પણ જરૂરથી વાંચવા જોઈએ. પુસ્તકો માનવીના જીવનમાં મિત્ર અને માર્ગદર્શકની ભૂમિકા ભજવી શકે છે. પુસ્તકો સાથે મૈત્રી માનવીના જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. જેના દાખલા રૂપે ગીતા અને બાઈબલ જેવા ધાર્મિક પુસ્તકો એ જગતના અનેક લોકોને ઉદાત જીવન જીવવાની પ્રેરણા આપી છે. તો રામાયણ, મહાભારત, ભાગવત જેવા મહાન ગ્રંથોએ ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. એટલું જ નહીં જોન રસ્કીનના પુસ્તક અનટુ ધી લાસ્ટ એ ગાંધીજીને સત્યાગ્રહની પ્રેરણા આપી હતી.

વાંચનના અભાવથી જીવનમાં અજ્ઞાનનો અંધકાર વર્તાય છે. જેમ અંધ માનવી જોઈ ન શકે ત્યાં સુધી અંધકારની કલ્પના નથી કરી શકતો તે પ્રમાણે આપણે પણ આપણા અજ્ઞાનની મર્યાદાને જોઈ શકતા નથી. માટે જ સારા પુસ્તકોનું વાંચન, બહોળા પ્રમાણમાં કરવું જોઈએ. સારા પુસ્તકોના સંગાથમાં રહેવાથી હિંમત, સાહસ, બહાદુરી, વીરતા, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. આપણામાં સારું નરસું, ખરું-ખોટું પારખવાની શક્તિ અને ક્ષમતા ખીલે છે. સારા પુસ્તકો આપણા જીવનનું ઘડતર કરે છે. એટલે જ તો જ્ઞાનીઓ કહ્યું છે કે તમે કેવા પ્રકારનું વાંચન કરો છો તે મને કહો તો હું તમે કેવા છો એ તમને કહી દઈશ. સારા સત્વશીલ પુસ્તકોના વાંચનથી આપણે જીવનને વિશાળ દ્રષ્ટિથી જોઈ શકીએ છીએ. બુધ્ધિના પુરૂષાર્થથી આપણે જ્ઞાન સંપાદન કરીએ છીએ તે જ ખરું જ્ઞાન છે.

જ્ઞાન અમર્યાદ છે. સૌથી મોટી વિદ્વાન અને શિક્ષિત વ્યક્તિ સારા જ્ઞાનથી એટલી જ દૂર છે જેટલી અશિક્ષિત વ્યક્તિ. જ્ઞાન ભંડાર વધારા માટે જ્ઞાનનો જથ્થો નહીં પણ તેની ગુણવતા મહત્વની છે. ઓછું ભણેલી વ્યક્તિ પણ વિપુલ વાંચન કરીને જ્ઞાન સમજના ઊંડાણથી સમજદારીપૂર્વક ઊંચે ઉડાન ભરી શકે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT
720 Days
RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens




*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385

Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા
## શ્રી ઘણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડીનું આયોજન



















શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી ઘણીબાબા રામદેવ પીરજી અને શ્રી ભલારાદાદાજીની સામૂહિક પહેડીનું આયોજન રવિવાર, તા.૧૩ એપ્રિલના સવારે ૯.૩૦ વાગે શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ. સર્વપ્રથમ નવકાર મંત્ર બાદ શ્રી કલશ સ્થાપના શ્રી ઘણીબાબાની છબી સ્થાપના-માલ્યાપર્ણના લાભાર્થી માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર શ્રી ઘણીબાબાને ચાંદીનું છત્ર અપર્ણ

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા
## શ્રી ધણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડીનું આયોજન

















માતુશ્રી પ્રેમિલાબેન પદમશી દંડ હસ્તે શ્રી મુકેશ પદમશી દંડ પરિવાર, ભિલાઈ, શ્રી ભલારાદાદાને ચાંદીનું છત્ર અપર્ણ માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર, શ્રી ધણીબાબાને પહેડી અપર્ણ માતુક્ષી ગંગાબાઈ ડુંગરશી મોમાયા પરિવાર, શ્રી ધણીબાબાની આરતી માતુશ્રી પ્રેમિલાબેન પદમશી દંડ પરિવાર, ભિલાઈ શ્રી ભલારાદાદાને પહેડી પ્રસાદ ચઢાવવાનો લાભ માતુશ્રી જયાબાઈ રતીલાલ શાહ પરિવાર, શ્રી ભલારાદાદાની આરતીનું લાભ સ્વ.સૌ.હંસાબેન હીરાચંદ કુંવરજી મૈશેરી

## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા
## શ્રી ધણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડીનું આયોજન

















લીધેલ. સંપૂર્ણ કાર્યક્રમનું સંગીતમય ભક્તિ શ્રીમતિ શીતલબેન વ્યાસ એવં મંડળને સારી રમઝટ જમાવેલ નાના બાળક અને બાલિકાઓ સાથે ૮૩ વર્ષના વડીલોએ પણ સુંદર ચામર અને ડાંડિયા રાસની સુંદર અને મનમોહક રમઝટ કરેલ. પ્રત્યે મહિનાની અચલગચ્છ અધિષ્ઠાયિકા શાસન દેવી શ્રી મહાકાલી માતાજીની સામૂહિક ભક્તિના લાભાર્થી માતુશ્રી જયાબેન લક્ષ્મીચંદ લોડાયા પરિવાર (તુષાર લક્ષ્મીચંદ લોડાયા, વિરલ રાજેશભાઈ લોડાયા), સચિન શરદભાઈ મોમાયા પરિવાર હતા. રાયપુર, ધમતરી, ભાટાપારા, ભિલાઈથી બોહરી સંખ્યામાં પધારીને આયોજનને સફળ બનાવેલ.

શ્રી વર્ષીતપના સજોડે તપસ્યા કરનાર મિલન ઉત્તમચંદ મૈશેરી અને સૌ. અંકિતા મિલનભાઈ મૈશેરીનું શાલ, શ્રીફલ અને ગિફ્ટ આપી બહુમાન કરવામાં આવેલ. આજીવન કંદુમલનું ત્યાગ કરનાર સૌ. નિધિ જિનેશભાઈનું બહુમાન કરવામાં

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા
## શ્રી ધણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડીનું આયોજન










આવેલ. નવું વૉટર કુલનનું ઉદ્‌ઘાટન લાભાર્થી પરિવાર સૌ. રાજુલાબેન ભૂપેન્દ્રભાઈના લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરેલ માતુશ્રી ચંપાબાઈ ઉમરશી શાહ પરિવાર (જખૌ-ધમતરી-બેંગલોર) દ્વારા સપ્રેમ ભેટ આપેલ આ પરિવારનું પણ શાલ, શ્રીફલથી બહુમાન કરવામાં આવેલ. અંતમાં સર્વે પ્રસાદ (ભોજન) લઈ છૂટા પડેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા
## શ્રી ધણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડીનું આયોજન















સંપૂર્ણ કાર્યક્રમની વ્યવસ્થા જિનેશ ગિરીશભાઈ શાહ, ભરત નારાયણજી મૈશેરી, જયેશ કલ્યાણજીભાઈ શાહ (નાગડા), રિતેશ સૂર્યકાંત મૈશેરી, પૂર્વેશ હરીશભાઈ લોડાયા, અર્પિત મનિષભાઈ લોડાયા, કૃષ્ણા દીપેશભાઈ લાલકાના સહયોગ બદલ કરતલ ધ્વનિથી ખૂબ ખૂબ અનુમોદના કરેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા
# શ્રી ધણીબાબા રામદેવ પીર અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડીનું આયોજન















# પ્રથમ માસિક પુણ્યતિથિ



જન્મ
૧૩-૧૦-૧૯૬૩

અરિહંત શરણ
૨૨-૦૩-૨૦૨૫

## સ્વ.શ્રી ભરત થોભણ લોડાયા (રવા-બેંગલુર)

તમો રહ્યા હર પળ અમારા રાહબર, તેથી જ તો અમે બધાંય આજ પગભર
તમ ચિંધ્યા માર્ગે ચાલવા રહેશે કોશિશ અમારી, તવ આત્મા ને રહે સદૈવ શાતા એ પ્રાર્થના અમારી.

| | | |
|---|---|---|
| માતા | : | સ્વ. શ્રીમતી વિમલા થોભણ લોડાયા (રવા–કલીકટ) |
| પિતા | : | શ્રી થોભણ ચાંપશી લોડાયા (રવા–કલીકટ) |
| ધર્મપત્ની | : | શ્રીમતી ભારતી ભરત લોડાયા (રવા–બેંગલુર) |
| પુત્ર | : | ચી. જીગર ભરત લોડાયા (રવા–બેંગલુર) |
| ભાઈ | : | શ્રી મનિષ થોભણ લોડાયા (રવા–કલીકટ) |
| ભાઈ પત્ની | : | શ્રીમતી પારૂલ મનીષ લોડાયા (રવા–કલીકટ) |
| ભત્રીજી | : | કુમારી કૃતિકા મનીષ લોડાયા (રવા–કલીકટ) |
| ભત્રીજો | : | ચી. વિમલ મનીષ લોડાયા (રવા–કલીકટ) |
| ભાઈ | : | શ્રી આનંદ થોભણ લોડાયા (રવા–મુંબઈ) |

**સ્વસુર પક્ષ**

| | | |
|---|---|---|
| સાસુ | : | સ્વ. શ્રીમતી વેલબાઈ દેવજી ખોના (આરિખાણા–અમદાવાદ) |
| સસરા | : | સ્વ. શ્રી દેવજી ખેતશી ખોના (આરિખાણા–અમદાવાદ) |
| સાળા | : | સ્વ. શ્રી મહેન્દ્ર દેવજી ખોના (આરિખાણા–અમદાવાદ) |
| સાળા પત્ની | : | શ્રીમતી વિજયા મહેન્દ્ર ખોના (આરિખાણા–અમદાવાદ) |
| સાળા | : | શ્રી જીતેન્દ્ર દેવજી ખોના (આરિખાણા–અમદાવાદ) |
| સાળા પત્ની | : | શ્રીમતી શશીકલા જીતેન્દ્ર ખોના (આરિખાણા–અમદાવાદ) |
| સાળા | : | શ્રી રાજેન્દ્ર દેવજી ખોના (આરિખાણા–લંડન) |
| સાળા પત્ની | : | શ્રીમતી સ્મિતા રાજેન્દ્ર ખોના (આરિખાણા–લંડન) |
| સાળી | : | સ્વ. શ્રીમતી હિરાવંતી લહેરચંદ ગોસર (બારોઈ–કારંજા) |
| સાઢુ ભાઈ | : | સ્વ. શ્રી લહેરચંદ ત્રિકમજી ગોસર (બારોઈ–કારંજા) |
| સાળી | : | શ્રીમતી કલ્પના હંસકુમાર મૈશેરી (લાલા–મુલુંડ) |
| સાઢુ ભાઈ | : | શ્રી હંસકુમાર દામજી મૈશેરી (લાલા–મુલુંડ) |

# અશ્રુભરી શ્રદ્ધાંજલી

જન્મઃ
૪-૫-૧૯૧૬



દેહવિલયઃ
૧૦-૭-૧૯૭૭

## પૂ. માતુશ્રી સૌ. સોનબાઈ રામજી લાલકા-પાલીતાણા

ભલે હયાતી નથી આપની હવે આ જગમાં,
સિતારાની જેમ ચમકશો સદૈવ ગગનમાં,
યાદો ખૂટશે નહીં, અમારા ઉર અંતરમાં,
તમારા સ્નેહ સદ્ગુણો સદા યાદ રહેશે સૌના દિલમાં.

**આપનો આજ્ઞાકારી પુત્ર**

## શાંતિલાલ રામજી લાલકા, હુબલી અને સમસ્ત પરિવાર

જન્મ
૪-૬-૧૯૫૧



દેહવિલય
૨૩-૪-૨૦૨૪

ધર્મપત્ની

## સૌ. વિમલા શાંતિલાલ લાલકા

હુબલી

જન્મ
૪-૯-૧૯૫૮



દેહવિલય
૨૫-૪-૨૦૨૧

ધર્મપત્ની

## સૌ. સુમિત્રા શાંતિલાલ લાલકા

હુબલી

કુદરતનો કેવો કારમો પ્રહાર, અડીખમ સાથી ખોવો પડે છે
કમનસીબી એવી કે મનના માણિગરને, હવે તસ્વીરમાં જોવો પડે છે.
મધ્યાન સમયે તપતો સૂરજ, અકાળે અવની પર છવાયો અંધકાર,
હવે હરદમ અમારા હૈયે ઉગશે, નિત્ય આપના સ્મરણોની સવાર

**આપનો જીવનસાથી**

## શાંતિલાલ રામજી લાલકા, હુબલી અને સમસ્ત પરિવાર



# શ્રી ક.દ.ઓ. મોતા પરિવાર અંબાઈ મા ટ્રસ્ટ, તેરા



## મોતા પરિવાર ના કુળદેવી અંબાઈ મા ના સ્થાનક તેરા મધ્યે ચાર દિવસીય મહોત્સવ ખૂબજ ઉલ્હાસપૂર્વક ધામધૂમ થી સમ્પન્ન





### (ભૂવાજી ની ચયન વિધિ, ૨૫ મી સમૂહ પહેડી, ૧૭ મી વર્ષગાંઠે ૧૮ મું ધ્વજા મહોત્સવ)











આ પ્રસંગ ને જાજરમાન બનાવવા તૈયારી ઓના મંડાણ ૧૨ મહિના અગાઉ મુંબઈ મધ્યે ૨૪ મી સમૂહ પહેડી દરમિયાન જ મંડાયા હતા. અંબાઈ મા ટ્રસ્ટ ના વડીલ માર્ગદર્શક શ્રી રમેશ ભા, મેનેજીંગ ટ્રસ્ટી ચીમન ભા, ટ્રસ્ટીશ્રીઓ રાજેન્દ્ર ભા, અશોક ભા, ચેતન ભા, નરેન્દ્ર ભા, ઉમેશ ભા, કલ્પેશ ભા એ પુરજોશમાં તૈયારી શરૂ કરી હતી. ફલ સ્વરૂપે ભુજ થી ભુજના સમગ્ર કાર્યક્રમના લાભાર્થી પરિવાર માતુશ્રી જયવંતીબાઈ રતીલાલ મોતા હસ્તે ભુમીન લાજેશ રતીલાલ મોતા, કુવાપધર હાલે વાશી નવી મુંબઈ એ ખુબજ ઉદાર દિલે લાભ લીધો હતો.

સંપૂર્ણ પ્રસંગ સફળતા ને વરે તે માટે વિવિધ સમિતિઓનું ગઠન કરવામાં આવ્યુ હતું અને તેના ત્રણ સંયોજકો શ્રી જીગ્નેશ રમેશ મોતા, શ્રી કલ્પેશ વિનોદ મોતા અને શ્રી જતીન ભરત પટેલ ની વરણી કરવામાં આવી હતી. આ અને આવા ઘણા બધા વિચારો ટ્રસ્ટી શ્રી ચેતન મોતા એ આપ્યા હતા. જેમાં મુંબઈ થી ભુજ અને ભુજ થી મુંબઈ ની જવા-આવવાની ટીકીટ તથા ટ્રેન દરમ્યાન જતા-આવતાં ભોજનની સુવિધા સામેલ હતી તે માટે ના લાભાર્થી પરિવારો સર્વે ટ્રસ્ટીગણ અને સંયોજકો એ આ ઉદાર ઓફર ને વધાવી લાભ લીધો હતો. ભાવિકો એ ફક્ત નામ નોંધાવવા ના હતા બધીજ સગવડતા ટ્રસ્ટે પુરી પાડી હતી. લાભાર્થી પરિવારના મહેમાનો સાથે ૪૦૦ થી અધિક ભાવિકો આ પ્રસંગે જોડાયા હતા.

તા. ૨૯ માર્ચ ના સયાજી એક્સપ્રેસમાં સર્વે ભાવિકો અને કાર્યકર્તાઓને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ચીમન ભા અને કુવાપધર નિવાસી હાલે હૈદરાબાદવાસી શ્રી ગુલાબ ભા અને અન્ય મહાનુભાવો એ શ્રીફળ વધેરી લીલી ઝંડી આપી સૌને માનભેર વિદાય કર્યા હતા. ચીમન ભા વ્યસ્તતા ને કારણે એક દિવસ મોડા રવાના થયા હતા.

ટ્રેનમાં સૌ એકબીજાનો પરિચય કરી રાજીખુશીથી બીજા દિવસે તા. ૩૦ માર્ચ ના ભુજ પહોંચ્યા હતા. આદીપુર-ગાંધીધામના રહેવાસી મોતા પરિવારના વડીલ કાંતિભાઈ એ વહેલી સવારના ગરમાગરમ ચા-કોફી ની સરસ મજાની સગવડ કરી સૌ ભાવિકોને આવકાર્યા હતા. ભુજ થી તેરા અને વળતા તેરા થી ભુજ ખૂબજ કીફાયતી ભાવે ઈલા ટ્રાવ્હેલ્સના રાહુલ બિપિન દંડ એ નંબર સાથે ૨૫ તુફાન ગાડીઓ લાઈનસર પાર્કિંગમાં ગોઠવી રાખી હતી.

પહેલે થી જ દરેક ભાવિકોને સંયોજકો એ ખુબજ જહેમત થી ટ્રેન/બોગી/સીટ નંબર, તુફાન ગાડી નંબર જવા-આવવાના આપી દીધાં હતા. જેથી ભાવિકો ફક્ત ૧૫ મિનિટમાં તેરા જવા રવાના થઈ શક્યા હતા.

બરાબર ૮.૩૦ વાગે બધી તુફાન ગાડી ઓ તેરા મહાજન વાડી પહોંચી હતી જ્યાં વ્યવસ્થા કરવા અગાઉ થી પહોંચેલા લાભાર્થી પરિવારમાં લાજેશ ભા, ભુમિન ભા,














સૌ. દક્ષાબેન લાજેશભાઈ, સૌ. પાયલબેન ભુમિનભાઈ અને તેમના પરિવારજનો અને વડીલ માર્ગદર્શક રમેશ ભા, ટ્રસ્ટગણ-સંયોજકો અને કાર્યકર્તાઓ સાથે તેરા મહાજનના પદાધિકારીઓએ ભવ્ય સામૈયું કરી સ્વાગત કર્યુ હતું અને આપણી પરંપરા મુજબ સૌ વાજતે-ગાજતે માતાજીના મંદિરે દર્શનાર્થે પહોંચ્યા હતા. ત્યારબાદ નવકારશી અને ૪ દિવસ માટે ઉતારાની વ્યવસ્થા તેરા મધ્યે જ કરવામાં આવી હતી. તેરા મહાજનના સાથ સહકાર થી તેરા મહાજનની સેનેટોરિયમ ભાનુશાળી વાડી, સગતમા વાડી, જલપા માં વાડી અને તેરા ના ક.દ.ઓ. જ્ઞાતિજનોના મકાનો નો રહેવા માટે સગવડ કરી આપતા રહેવાની અગવડતા સહેલાઈથી સચવાઈ હતી.

નાઈ-ધોઈ તેરા ના જીરાવલ્લા-શામળીયાજીના દેરાસરજી માં સેવા-પૂજા-દર્શન કરી સૌ ભાવિકો અને લાભાર્થી પરિવાર અને આપણા અરિહંત શરણ પામેલ ભુવા શ્રી હીરાચંદ ભા ના પરિવારજનો એ સામુહિક પહેડી જુવારી બ્રાહ્મણો તથા નિયાણીઓને જમાડી સૌ બપોરનું ભોજન મહાજન વાડી ની ભોજનશાળા અને પ્રાંગણમાં બુફે કાઉન્ટર થી લઈ રાઉન્ડ ટેબલ ખુરશીમાં બેસીને નિરાંતે ભોજનનો આનંદ લીધો હતો. ચારેય દિવસ સંપૂર્ણ ભોજનની વ્યવસ્થા અહી જ કરવામાં આવેલ. ભાવતીયા જોરદાર ભોજનીયા માંડવી ના દીપક મહારાજે કેટરીંગ ની જોરદાર સર્વિસ આપી સૌના દિલ જીતી લીધા હતા. ૩૨ વ્યંજન અને ૩૬ ભોગના મેનું સાથે ભરચક આયટમોનું રસથાળ એ મુંબઈ ને પણ ભુલાવી દીધા હતા.

લાભાર્થી પરિવાર એ આગતાસ્વાગતા માં કોઈ કમી છોડી નહોતી. ભોજન બાદ સૌને પોતાના નામના બેચ અને ટોપીઓ આપવામાં આવી હતી. ત્યારબાદ ગામ તેરાનું ભ્રમણ કરી સૌ બપોરની ચા-પાણી અને ચોવિહાર માટે એકત્ર થયા હતા અને ત્યારબાદ નવા ભુવા નિમવા માટેની વિધિ ની શરૂઆત હનુમાન લોટ કરવા માટે સૌ પુરૂષ ભાવિકો હનુમાનજી ના મંદિરે ગયા હતા. ૩ દિવસ ચાલનારી આ વિધિની શુભ શરૂઆત થઈ હતી. આ સમગ્ર વિધિ ભુવા શ્રી ગોવિંદજી પટેલની નિશ્રા અને માર્ગદર્શનમાં એમની ટીમની ઉપસ્થિતિમાં થઈ હતી ચંદીપાઠની વિધિમાં ૭ દંપતિઓ એ લાભ લીધો હતો. ત્યારબાદ રાત્રે ૧૦ વાગ્યાથી તેરા માતાજીના સ્થાનકે નમતા સર્વે ભાવિકોને ક્રમવાર ભુવા નિમવાની વિધિમાં બેસાડવામાં આવ્યા હતા. આ વિધિ સવારના ૫ વાગ્યે સ્થિતગત કરવામાં આવી હતી.

તા. ૩૧ માર્ચ ત્રિજા દિવસે નવકારશી સ્નાન સેવાપુજા દર્શન બાદ સવારના ૧૧ વાગ્યા થી સાંજના ચોવિહાર સુધી મહેંદી રસમ કરવામાં આવી હતી. સૌ ભાવિકોને પુનમબેન અને એમના સાથીદારો એ સુંદર મહેંદી મુકી સૌના દિલ જીતી લીધા હતા.

બપોરના ભોજન બાદ મહેંદી સાથે આપણા જ પરિવાર ના ઈવેન્ટ ના માહિર એવા ધારીણી મોતા મુંબઈ થી ૪ દિવસ માટે સેવા આપવા મા ના દરબારે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ ધાર્મિક રમતો રમાડી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા પરિવાર તરફથી વિવિધ ઈનામો થી વિજેતા ઓને નવાજવામાં આવ્યા હતા. સાંજે માતાજીના દરબારે સ્થાનિક બહેનોએ ભાતીગળ ગરબા લીધા હતા એમને માટે પણ લાડવાની પ્રસાદી આપવામાં આવી હતી. ત્યારબાદ ઢોલ શરણાઈ ના તાલે સૌ ભાવિક ખેલૈયાઓ ખૂબ ઝૂમ્યા હતા. મા ની આરતી કરી રાત્રે ૧૦ વાગે ગઈકાલે બાકી રહેલ ભુવા ચયન વિધિને ભુવા શ્રી ગોવિંદજી પટેલે પોતાની ટીમ સાથે આગળ વધારી હતી.

ફરી થી ગઈકાલે અધુરી રહેલ વિધિ આગળ વધી હતી અને રાત્રે ૧૨.૧૫ વાગે પહેલા વિરામે લગભગ આપણ ને નવા ભુવા શ્રી મળી રહ્યા છે એવા સંકેત મળ્યા હતા. વિધિ ફરી પ્રારંભ થતા નિમાયેલા ૫ પંચોની હાજરી અને આશરે ૮/૧૦ ત્રાટેલા ભુવા શ્રીઓની હાજરીમાં અ.સૌ. મમતાબેન કલ્પેશ વિનોદભાઈ મોતા-કુવાપધર હાલે મુલુંડ ને નુતન નવા ભુઈમા ઘોષિત કરાતા જય ભવાની - જય અંબાઈ મા ના ગગનભેદી નારાઓ સમગ્ર તેરા ગામ





ગુંજી ઉઠયુ હતુ. ભુવાજી ની બાકી રહેલ વિધિ સવારના ૪ વાગે પૂર્ણ થઈ હતી.

તા. ૧ એપ્રિલ ના વહેલી સવારે ભુવા શ્રી ના પરિવાર દ્વારા મંદિરમાં વિધિ વિધાન કરવામાં આવેલ.

નવકારશી બાદ વાજતે ગાજતે પહેડી જુવારી મંદિર થી નુતન ભુઈ મા ને ચાંદીના રથ માં બેસાડી લાભાર્થી પરિવાર અને ભુઈમા ના પરિવાર ને વહેલ માં બેસાડી સૌ ભાવિકો સાથે તેરા ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવેલ. આ પ્રસંગે તેરા ગામના ૩૦૦ જેટલા હિન્દુ પરિવારોને સાકરની લહાણી કરવામાં આવેલ. અનુકંપા દાન પશુઓને ઘાસચારો કીડીઓને કીડીયારો જેવા જીવદયાના લાભો લાભાર્થી પરિવારે લીધા હતા.





શોભાયાત્રા બાદ બપોરના ભોજન કરી ખાસ મુંબઈ થી નીખીલભાઈ હરીયા પોતાની ટીમ સાથે સીદ્ધચક્ર પુજન ભણાવવા પરિવારે બોલાવ્યા હતા. ૨ યંત્ર રાખવામાં આવ્યા હતા. ૧ યંત્ર મા પુજન માટે લાભાર્થી પરિવાર અને એક યંત્ર લાભાર્થી પરિવારે ભાવિકો માટે ફાળેવેલ સૌ ભાવિકોએ લાભ લીધેલ ૬ વાગે પુજનની પુર્ણાહુતી થયેલ. ત્યારબાદ ચોવિહાર અને માતાજીની સંધ્યા આરતી કરી સૌ ભાવિકો મહાપુજા અને ભકિત-ભાવનામાં જોડાયા હતા. કચ્છના પ્રખ્યાત સંગીતકાર કીશોર સાંગાર તથા પાર્ટી એ જોરદાર જમાવટ કરી હતી રાત્રે ૧.૦૦ વાગે સૌ છુટા પડ્યા હતા.



તા. ૨ એપ્રિલ સમાપન દિવસ મહોત્સવનો મહત્ત્વ અંતિમ ચરણ દિવસના નવકારશી બાદ સૌ ભાવિકો અને લાભાર્થી પરિવાર મહાજન વાડી થી વાજતે ગાજતે ૨૫ મી સમુહ પહેડી અને ૧૭ મી વર્ષગાંઠે ૧૮ મી ધ્વજારોહણ માટે માતાજીના મંદિરે પધાર્યા હતા આજના મહત્ત્વ પ્રસંગે ક.દ.ઓ. મહાજનના બધા ગામોમાં પદાધિકારીઓને કચ્છ એકમ, સમસ્ત મહાજન, માનવજયોત, શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ, તથા ભારતીય જનતા પક્ષ ના તાલુકા જીલ્લાના અને પંચાયતના અધિકારીઓને આમંત્રિત કરવામાં આવેલ.



આમંત્રણને માન આપી અબડાસાના વિધાનસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, કચ્છ મિત્રના ચિફ એડીટર પ્રકાશભાઈ રાવલ, કચ્છ એકમના અધ્યક્ષ મહેશભાઈ લાલકા, ગાંધીધામ મહાજનના પ્રમુખ લહેરચંદભાઈ લોડાયા, માનવજયોત ના પ્રબોધ મુનવર, સમસ્ત મહાજન ના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધરમશી, નલીયા મહાજનના પ્રમુખ શ્રી મુલચંદભાઈ મોતા, ભુવા શ્રી ગોવિંદજી પટેલ, વારાપધર ના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ લોડાયા, ચંદ્રપ્રભ અતિથિગૃહ નલીયા ના ટ્રસ્ટી ગણ ચીમન ખોના, લીતેશ ખોના, ચેતન ખોના, નિલેશ નાગડા અને મયંક મોમાયા પર્ધાયા હતા. સર્વે ટ્રસ્ટીગણ સાથે લાભાર્થી પરિવારના લાજેશ ભા, મહેશ ખીમજી લાલકા, કીર્તિ ધનજી ધરમશી, નિરંજન નરશી લોડાયા એ દીપ પ્રાગટ્ય કરી મંચસ્થ થયા હતા. ૨૫ મી સમૂહ પહેડી પ્રસંગે પ્રથમવાર ૫ (પાંચ) મોતા પરિવારના શ્રેષ્ઠીઓને ‘‘મોતા રત્ન’’ પુરસ્કાર એનાયત કરાયા હતા.



અજાતશત્રુ શેઠ શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, માતાજી મંદિર ના પાયાના પથ્થર શ્રી આણંદજી પાશ્વીર મોતા, મંદિરના ભુમિ દાતા તથા વર્ષો સુધી ભુવાજી ની સેવા આપનાર શ્રી હીરા ભા તથા આપણા સૌના લાડીલા વડીલ માર્ગદર્શક શ્રી રમેશ ભા મોતા ને રજત મોમેન્ટો ‘‘મોતા રત્ન’’ થી નવાજવામાં આવ્યા હતા.



ટ્રસ્ટ તરફથી ત્રણે સંયોજકોને મોમેન્ટો સાલ માળા પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. લાભાર્થી પરિવાર માતુશ્રી જયવંતીબેન રતીલાલ મોતા ના લાજેશ ભા પરિવારનું રજત મોમેન્ટો આપી સન્માન કરાયું હતું તથા તેમના સગા-સંબંધીઓ અને મિત્રો દ્વારા પણ સન્માન કરવામાં આવ્યું હતું. આમંત્રણ ને માન આપી પધારેલા એમએલએ શ્રી જાડેજા સાહેબ સહિત બધા મહાનુભાવોનું ગુલાબનું ફૂલ આપી સન્માન કરાયું હતું. જાડેજા સાહેબ એ

















આર્શીવચન આપ્યા હતા. લાભાર્થી પરિવારે ટ્રસ્ટ બોર્ડનો આભાર માની ત્રણેય સંયોજકોને અભિનંદન આપી સન્માનિત કર્યા હતા અને મયુરી જીમિત મોતા (દંડ) અને ભૌમિક ચેતન મોતા નું વિશેષ સન્માન લાભાર્થી પરિવારે કર્યું હતું. તેરા મહાજનનું અને એમના મેનેજર ગીરીશભાઈ મલ ના વિશેષ માર્ગદર્શન અને યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટ બોર્ડ એ આ વર્ષે ધ્વજારોહણ નો લાભ લાભાર્થી પરિવારને આપવાનું નક્કી કરેલ આવતા વર્ષે માટે ધ્વજાના ચડાવા લેવાયા હતા. શ્રી શૈલેષ લક્ષ્મીચંદ મોતા - નલીયા, હાલે બેંગ્લોર વાલા એ ખુબ જ ઊછળતા ભાવે લિધેલ.

આવતા વર્ષે ગુડીપાડવા ના દિવસે યોજાનારી ૨૬ મી સમુહ પહેડી નો લાભ માતુશ્રી માનબાઈ મુલજી મોતા પરિવાર હસ્તે માતુશ્રી વેજબાઈ ઠાકરશી મોતા, માતુશ્રી લક્ષ્મીબેન ઝવેરચંદ મોતા તથા માતુશ્રી કલ્પનાબેન આણંદજી મોતા એ લીધેલ.

સન્માન-બહુમાન વચ્ચે ધ્વજારોહણ અને ૨૫ પહેડી જુહારવાનો અને આરતીનો લાભ બધા વતી લાભાર્થી પરિવારે લીધો હતો. સંયોજક જીગ્નેશ મોતા એ પોતાની ટીમના સર્વે સભ્યોનો દિલ થી આભાર માની સફળતા નો શ્રેય સ્વયંસેવકોને આપ્યો હતો. સૌનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ધારિણી મોતા તથા કીશોર સાંધાર નું વિશેષ સન્માન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. બપોરના પહેડી પ્રસાદ અને ભોજન આરોગી બપોરના ચા-પાણી વાપરી ચોવીહાર બોક્ષ લઈ તુફાન ગાડી ઓ દ્વારા ભુજ જવા રવાના થયા હતા.

ટ્રસ્ટ બોર્ડ એ ત્વરિત નિર્ણય લઈ પહેલીવાર મંદિરનું રીનોવેશન કરાવી કાયાપલટ કરી મંદિર ને સુશોભીત કર્યું હતું. ટ્રસ્ટીશ્રી ઉમેશ મોતા ની નિગરાણી હેઠળ આ કામ માટે નલિયા ના આપણા જ મોતા પરિવારના ભાવનાબેન ને જવાબદારી સોંપવામાં આવી હતી. સમય ખુબજ ઓછો હતો. છતાં પણ મહેનત અને ખંતથી કાર્ય કરી જવાબદારી નિભાવી હતી એમને પણ માનભેર સન્માનિત કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રભાઈ મોતા એ કોઈ પણ ખર્ચ માટે ઉદાર દિલે ઑફર કરી હતી.

માતાજી નો ભંડારો જરજરીત થઈ જતા ટ્રસ્ટી શ્રી નરેન્દ્ર ભા એ માતુશ્રી વેજબાઈ ઠાકરશી મોતા, વાપી/મુંબઈ એ સ્વદ્રવ્ય થી નવો ભંડારો અર્પણ કર્યો હતો. સંયોજકો કલ્પેશ ભા અને જતીન ભા એ મંદિર ના સુશોભન માટે ઘણી બધી વસ્તુઓ અર્પણ કરી હતી.

વર્ષોથી વિનામુલ્ય મંડપ અને ડેકોરેશન કરી આપનાર છેડા મંડપવાલા શ્રી કિરણ મોતા, નલીયા નું સન્માન કરવામાં આવેલ.




















# કોરી યોજના

નિભાવ ફંડ અને મોટા પરિવારના બાળકોને શિક્ષણ સહાય માટે કોરી યોજના જાહેર કરવામાં આવેલ.

## આ યોજનામાં પોતાનું યોગદાન આપનાર પરિવારો

| નં. | લાભાર્થી નામ | ગામ | કોરી |
|---|---|---|---|
| ૧) | માતુશ્રી વિજયાબાઈ વેરશી મોતા હસ્તે સ્નેહાબેન અશોક મોતા | સુથરી - અંધેરી | ૧૫૧ |
| ૨) | કુ. ઈન્ડીયા, કુ. સીડની બેલા મયુર ધુલ્લા મોતા હસ્તે મીનાબેન ચીમન મોતા (તન-મન ટુર) | ઓસ્ટ્રેલિયા | ૫૧ |
| ૩) | માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા હસ્તે મીના ચેતન મોતા | વારાપધર - ભાંડુપ | ૫૧ |
| ૪) | માતુશ્રી મીનાબેન ગુલાબભાઈ પદમશી મોતા પરિવાર | કુવાપધર - હૈદરાબાદ | ૫૧ |
| ૫) | માતુશ્રી નિર્મલાબેન વિનોદ ખેતશી મોતા પરિવાર | કુવાપધર - મુલુંડ | ૫૧ |
| ૬) | માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા (ટીક્કીટાર પરિવાર) હ. રાજેન્દ્રભાઈ | રાયધણજર - મુલંડ | ૫૧ |
| ૭) | શા. શીવજી ડુંગરશી પટેલ હસ્તે જતિન ભરત શીવજી પટેલ | તેરા - મુલુંડ | ૫૧ |
| ૮) | માતુશ્રી વેજબાઈ ઠાકરશી મુલજી મોતા હસ્તે નરેન્દ્રભાઈ | રાપર ગઢવારી - વાપી | ૫૧ |
| ૯) | માતુશ્રી જવેરબેન કુંવરજી (રમેશ) મેઘજી મોતા પરિવાર | રાપર ગઢવારી - મુલુંડ | ૫૧ |
| ૧૦) | માતુશ્રી જયવંતીબેન રતિલાલ ભવાનજી મોતા હસ્તે લાજેશભાઈ | કુવાપધર - નવી મુંબઈ | ૫૧ |
| ૧૧) | શા. કિશોર પદમશી શાહ (મોતા) હસ્તે ઉમેશભાઈ | નલીયા - ઘાટકોપર | ૫૧ |
| ૧૨) | માતુશ્રી રતનબેન ત્રીકમજી મોતા હસ્તે પ્રફુલ જૈન | સુથરી - મુલુંડ | ૫૧ |
| ૧૩) | માતુશ્રી બાંયાબાઈ શામજી દેવણાંધ મોતા | સુખપર-લોનાવલા-મુંબઈ | ૫૧ |
| ૧૪) | માતુશ્રી કુંવરબાઈ વિસનજી માંયા મોતા હસ્તે દિનેશભાઈ | સુથરી - કાંજુરમાર્ગ | ૫૧ |
| ૧૫) | શા. વિપુલ મીનાબેન ગોવિંદજી મોતા | તેરા - લોખંડવાલા, અંધેરી | ૫૧ |
| ૧૬) | માતુશ્રી ખેતબાઈ ખેતશી દેવજી મોતા હસ્તે ઉષાબેન હીરાચંદ મોતા | ડોંબિવલી - કુઆપધર | ૫૧ |
| ૧૭) | માતુશ્રી દેકાંબાઈ હંસરાજ પાશ્વીર મોતા | રાપર ગઢવારી-ગાંધીધામ-મુંબઈ | ૨૫ |
| ૧૮) | શા. બંકીમ મેઘજી વેલજી મોતા | વાંકુ - ઘાટકોપર | ૨૫ |
| ૧૯) | માતુશ્રી લક્ષ્મીબેન જવેરચંદ મુલજી મોતા | રાપર ગઢવારી - | ૨૫ |
| ૨૦) | માતુશ્રી કલ્પનાબેન આણંદજી મુલજી મોતા | રાપર ગઢવારી - ચેમ્બુર | ૧૧ |
| ૨૧) | માતુશ્રી હંસાબેન ખીમજી નેણશી મોતા | વારાપધર - ભાટાપારા | ૧૧ |
| ૨૨) | શા. ઉમેશભાઈ ધનજી કલ્યાણજી ધરમશી | સુથરી - બેંગલોર | ૧૧ |
| ૨૩) | શ્રી ભૂમીનભાઈ લાજેષ મોતા નો મિત્ર પરિવાર | વાશી, નવી મુંબઈ | ૧૧ |
| ૨૪) | આણંદજી પાશ્વીર મોતા પરિવાર | રાપરગઢ | ૧૧ |
| ૨૫) | જીયાંસ સચીન ભરત મોતા હસ્તે ભરતભાઈ મોતા | કુઆપધર | ૧૧ |
| ૨૬) | માતુશ્રી મણીબેન ગોવિંદજી મોતા | મોટી ધુફી | ૧૦ |
| ૨૭) | મણીલાલ કુંવરજી મોતા હસ્તે દીપક કુંવરજી મોતા | રાપરગઢ | ૭ |
| ૨૮) | સ્વ. અ.સૌ. સુનીતાબેન મહેન્દ્ર મેઘજી મોતા હસ્તે નમન મહેન્દ્ર મોતા | ડોંબિવલી - વારાપધર | ૭ |
| ૨૯) | જયકાન્ત રાયચંદ મોતા | તેરા | ૫ |
| ૩૦) | સૌરભ હીતેન્દ્ર મોતા | વાંકુ | ૫ |
| ૩૧) | ગંગાબાઈ દેવશી મોતા | લાખણીયા | ૫ |
| ૩૨) | હેમપ્રભા ભરત મુલજી મોતા | તેરા | ૫ |
| ૩૩) | માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ મોતા | કુઆપધર | ૫ |
| ૩૪) | ખીમજી મુલજી મોતા હસ્તે સંદીપ ખીમજી મોતા | રાપરગઢ | ૫ |
| ૩૫) | મુલજી ખીમજી મોતા હસ્તે ખુશાલ મોતા | તેરા | ૫ |
| ૩૬) | હેમલતાબેન મણીલાલ ભવાનજી મોતા | કુઆપધર | ૫ |
| ૩૭) | માતુશ્રી ચંદનબેન લલીતભાઈ મોતા | તેરા | ૫ |
| ૩૮) | માતુશ્રી પ્રેમાબાઈ જીવરાજ મોતા હસ્તે રાજેશ જીવરાજ મોતા | કોઠારા | ૫ |

## આ યોજનામાં ૧ કોરી નું યોગદાન આપનાર પરિવાર

| લાભાર્થી નામ | | | |
|---|---|---|---|
| ૧) | જેંતીલાલ મણીલાલ મોતા (રાપરગઢ) | ૩૯) | રશ્મી મોતા (નલીયા) |
| ૨) | દમયંતી ધનજી મોતા (રાપરગઢ) | ૪૦ | રીધ્ધી મોતા (નલીયા) |
| ૩) | ચેતના મહેન્દ્ર મોતા (મુલુંડ - કોઠારા) | ૪૧) | નીતા દેવેન્દ્ર ધરમશી (તેરા) |
| ૪) | નિલમ મહેન્દ્ર મોતા (મુલુંડ - કોઠારા) | ૪૨) | લીના ખુશાલ દંડ (વારાપધર) |
| ૫) | હીરેન લક્ષ્મીચંદ મોતા (નલીયા) | ૪૩) | મનીલા પરાગ ખોના (સાંધવ) |
| ૬) | ભાવિની લક્ષ્મીચંદ મોતા (નલીયા) | ૪૪) | ભુમી પરાગ ખોના (સાંધવ) |
| ૭) | ચેતના ચંદ્રકાન્ત મોતા (હૈદરાબાદ - વારાપધર) | ૪૫) | લક્ષ્મીચંદ દેવશી મોતા |
| ૮) | ચંદ્રકાંત જીવરાજ મોતા (હૈદરાબાદ - વારાપધર) | ૪૬) | સરલા લક્ષ્મીચંદ મોતા |
| ૯) | દીનેશ જેઠાલાલ મોતા (ડોંબિવલી - કોઠારા) | ૪૭) | દેવેન્દ્ર લક્ષ્મીચંદ મોતા |
| ૧૦) | જયા દીનેશ મોતા (ડોંબિવલી - કોઠારા) | ૪૮) | કુસુમ દેવેન્દ્ર મોતા |
| ૧૧) | ગુણા મણીલાલ મોતા (ડોંબિવલી - તેરા) | ૪૯) | મયુર મણીલાલ મોતા (તેરા) |
| ૧૨) | જુગલ મણીલાલ મોતા (ડોંબિવલી - તેરા) | ૫૦) | મનિષ ડુંગરશી મોતા (વારાપધર) |
| ૧૩) | ગીતા હીરાચંદ પટેલ (તેરા) | ૫૧) | અશ્વિન ઠાકરશી મોતા (નલીયા) |
| ૧૪) | લક્ષ્મીચંદ ખેતશી મોતા (રાપરગઢ) | ૫૨) | ઉષા હિરાચંદ મોતા (કુઆપધર) |
| ૧૫) | અરૂણા લક્ષ્મીચંદ મોતા (રાપરગઢ) | ૫૩) | તારાબેન નવિનચંદ્ર મોતા (કોઠારા) |
| ૧૬) | ઉત્તમ ખેતશી મોતા (રાપરગઢ) | ૫૪) | પિયુષ નવિનચંદ્ર મોતા (કોઠારા) |
| ૧૭) | આણંદજી મુલજી મોતા (રાપરગઢ) | ૫૫) | કામીની અજય મોતા |
| ૧૮) | કલ્પના આણંદજી મોતા (રાપરગઢ) | ૫૬) | ઉર્મિલા ખીમજી મોતા (કુઆપધર) |
| ૧૯) | નેહલ આણંદજી મોતા (રાપરગઢ) | ૫૭) | દિપક રાયચંદ મોતા |
| ૨૦) | રાજેશ ભવાનજી મોતા (સાંગલી - વારાપધર) | ૫૮) | મિતેન લક્ષ્મીચંદ મોતા |
| ૨૧) | નીતીન કુંવરજી મોતા (રાપરગઢ) | ૫૯) | ખુશાલ લક્ષ્મીચંદ મોતા |
| ૨૨) | હર્ષ નીતીન મોતા (રાપરગઢ) | ૬૦) | ખુશાલ લક્ષ્મીચંદ મોતા |
| ૨૩) | વિપુલ ઝવેરચંદ મોતા (ડોંબિવલી - રાપરગઢ) | ૬૧) | કૈલાશ શાહ (નલીયા) |
| ૨૪) | પારૂલ વિપુલ મોતા (ડોંબિવલી - રાપરગઢ) | ૬૨) | દર્શના શાહ (નલીયા) |
| ૨૫) | પ્રીયાંસ વિપુલ મોતા (ડોંબિવલી - રાપરગઢ) | ૬૩) | કરીશ્મા અતુલ મોતા |
| ૨૬) | પુન્યમ વિપુલ મોતા (ડોંબિવલી - રાપરગઢ) | ૬૪) | રીયા અતુલ મોતા |
| ૨૭) | પ્રેમીલા મહેન્દ્ર મોતા (ડોંબિવલી - વારાપધર) | ૬૫) | હરીશ પદમશી મોતા (કુઆપધર) |
| ૨૮) | નિકીતા મિતેશ મોતા (ડોંબિવલી - વારાપધર) | ૬૬) | દિવ્યા હરીશ મોતા (કુઆપધર) |
| ૨૯) | સંદીપ ખીમજી મોતા (ઘાટકોપર - રાપરગઢ) | ૬૭) | પ્રમિલા મહેન્દ્ર મોતા |
| ૩૦) | જયશ્રી સંદીપ મોતા (ઘાટકોપર - રાપરગઢ) | ૬૮) | મિતેશ મહેન્દ્ર મોતા |
| ૩૧) | દીપક કુંવરજી મોતા (રાપરગઢ) | ૬૯) | અંકીત મનોજ મોતા (તેરા) |
| ૩૨) | રાહુલ સુરેશ મોતા (ધ્રુફી) | ૭૦) | આણંદજી મુલજી મોતા |
| ૩૩) | નિસીતા રાહુલ મોતા (ધ્રુફી) | ૭૧) | શૈલેષ લક્ષ્મીચંદ મોતા |
| ૩૪) | દિનેશ ગોવિંદજી મોતા (ધ્રુફી) | ૭૨) | યશ પ્રફુલ મોતા |
| ૩૫) | ધર્મેશ સોમચંદ મોતા (રાપરગઢ) | ૭૩) | જીગ્નેશ રાજેશ મોતા (તેરા) |
| ૩૬) | હરીશ જીવરાજ મોતા (કુઆપધર) | ૭૪) | રાજેશ હિરાચંદ મોતા (તેરા) |
| ૩૭) | કિશોર મોતા (નલીયા) | ૭૫) | હિના રાજેશ મોતા (તેરા) |
| ૩૮) | દર્શન મોતા (નલીયા) | | |

નામ લખવામાં ભૂલચૂક થઈ હોય કે કોઈના નામ રહી ગયા હોય તથા સમગ્ર કાર્યક્રમ દરમિયાન અમારાથી ભૂલચૂક થઈ હોય, કોઈનું મન દુભાયું હોય તો ટ્રસ્ટ બોર્ડ તથા સંયોજકો, સ્વયંસેવકો અને લાભાર્થી પરિવાર વતી

ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી

**શ્રી ચીમન મેઘજી મોતા ના મિચ્છામિ દુક્કડમ્...**

# શ્રી ભલારાદાદા દેવસ્થાન લાલપુર તીર્થે ત્રિદિવસીય ધ્વજારોહણ મહોત્સવ ભક્તિભાવ સાથે સંપન્ન થયો

શ્રી ભલારાદાદા દેવસ્થાન લાલપુર તીર્થે ચૈત્રી મહોત્સવ સં. ૨૦૮૧ ચૈત્ર સુદ તેરસથી પૂનમઃ તા. ૧૦ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ ના પ્રતિભાવ સાથે સંપન્ન થયું.

આગલા દિવસે ચૈત્ર સુદ બારસને તા. ૦૯ એપ્રિલના સાંજે શ્રી ભલારા દાદા પાઠ થયેલ. લાભાર્થીઃ શ્રી આણંદજી શામજી લોડાયા (રાપર-ઘાટકોપર)

ચૈત્ર સુદ તેરસ તા. ૧૦ એપ્રિલ સવારે પક્ષાલ-ચંદન પૂજા, આરતી.

નવકારશી બાદ શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક નિમિત્તે લાલપુર ભલારા દાદા સ્થાન થી ગામના શ્રી ધર્મનાથજી જિનાલય સુધી રથયાત્રા.

સાંજે આરતી બાદ શ્રી ભલારા દાદાનો પાઠઃ લાભાર્થીઃ શ્રી રૂપમભાઈ મુલચંદ લોડાયા, મોટી ખાવડી-હૈદરાબાદ.

દિવસ :૨

ચૈત્ર સુદ ચૌદસઃ તા. ૧૧ એપ્રિલ સવારે ૬.૩૦ વાગે. પક્ષાલ - ચંદન પુજા, આરતી, સવારે ૧૧.૦૦ વાગે આરતી, બપોરે ૩.૩૦ વાગે થી અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવનાઃ પાવન નિશ્રાઃ યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. ભાવના બાદ ૭૫ લક્કી ડ્રો. સૌજન્યઃ શ્રી અજિત માલશી લોડાયા (તેરા), શ્રી સોમચંદ જેઠાભાઈ સોની (સુથરી) તથા રંજનબેન નારાણજી સોની (સુથરી)

સાંજે આરતી બાદ શ્રી ભલારા દાદાનો પાઠ : લાભાર્થીઃ સ્વ.સૌ.









# શ્રી ભલારાદાદા દેવસ્થાન લાલપુર તીર્થે ત્રિદિવસીય ધ્વજારોહણ મહોત્સવ ભક્તિભાવ સાથે સંપન્ન થયો

વિણાબેન કાંતિલાલ ટોકરશી સોની (સાંયરા-મુલુંડ), મહા આરતી : લાભાર્થી શ્રી ખુશાલચંદ રતિલાલ લોડાયા (નાસિક), ભક્તિ ભાવના દરમ્યાન

દિવસ :૩

ચૈત્ર સુદ પુનમ: તા. ૧૨ એપ્રિલ સવારે: ૭.૩૦ ક. આરતી, નવકારશી બાદ સવારે ૯.૦૦ ક. થી ધ્વજારોહણ મહોત્સવ. વિવિધ ચડાવાઓ તથા આદેશ.

લાલપુરના સરપંચ શ્રી સમીરભાઈ પધારેલ. શ્રી ભલારા દાદ ટ્રસ્ટ વતી એમનું સન્માન થયેલ. શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કિર્તી ભાઇ ધરમશી પધારેલ. એમનું પણ સન્માન થયેલ.

સાંજે આરતી બાદ શ્રી ભલારા દાદાનો સમુહ પાઠ. મુબઈ તથા દેશ દેશાવરથી આશરે બસો ભાવિકો પધાર્યા હતા.

શ્રી ભલારા દાદા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જયંતભાઈ વિસનજી છેડાની નોધપાત્ર હાજરી.















# શ્રી ભલારાદાદા દેવસ્થાન લાલપુર તીર્થે ત્રિદિવસીય ધ્વજારોહણ મહોત્સવ ભક્તિભાવ સાથે સંપન્ન થયો







| ચૈત્રી સૂદ પૂનમ તારીખ ૧૩.૦૪.૨૦૨૫ ચડાવાની યાદી | |
|---|---|
| દાદાની પક્ષાલ પૂજા | શ્રી વિશાલ સુરેશ મોમાયા (નલિયા-મુલુંડ) |
| દાદાની તિલક પૂજા | માતુશ્રી ઉષા દિનેશ લાલકા (લાલા-મુલુંડ) |
| દાદાના હેમ ના દાગીના | માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર (સાંધવ-મુલુંડ) |
| દાદાની પુષ્પ પૂજા | મણિબાઈ વેલજી ડાઘા (વરાડિયા-મુલુંડ) અને મણિબેન લક્ષ્મીચંદ ધરમશી (જખૌ-મુલુંડ) |
| દાદા ની મોટી આરતી | વિજયાબેન વિરેન્દ્ર લોડાયા (બાંઢિયા અમદાવાદ)+જ્યોતિ કીર્તિ ધરમશી (સુથરી-બેંગ્લોર) |
| વીરોજી-પાતોજી પૂજા અને ધ્વજા | માતુશ્રી જમકુબાઈ મેઘજી દંડ (સાંધવ-મુલુંડ) |
| ગણેશ પૂજા | શ્રી વિશનજી લાલજી સોની (સુથરી-ડોમ્બિવલી) |
| અંબામાં પૂજા | અંબા શિપિંગ એજન્સી |
| સચ્ચાઈ માતા પૂજા | મણિબાઈ નરશી લોડયા (રાપર-ડોમ્બિવલી) |
| મહાકાલી માં પૂજા | માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડિયા-માટુંગા) |
| નવગ્રહ પૂજા અને ધ્વજા | શ્રી વિશાલ સુરેશ મોમાયા (નલિયા-મુલુંડ) |
| ક્ષેત્રપાલ દાદાની પૂજા | સ્વ.સૌ. જયાબેન લક્ષ્મીચંદ દંડ (સાંધવ-ભાંડુપ) |
| ભલારાદાદાની મુખ્ય ધજા | માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડિયા-માટુંગા) |
| ઓફીસમાં દાદાનો ભંડારો | ભલારા ભાવિક પૂનમ મંડળ |
| પેહડી પ્રસાદ ગ્રહ ધજા | કુ. કાવ્યા દિપેશ ચિમનલાલ મોમાયા (વરાડિયા-ભાંડુપ) |
| જીવુભા બાપુ સમાધિ ધજા | માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર (સાંધવ-મુલુંડ) |
| યતિ શ્રી મોતીસાગરજી મ.સા. (ગુરૂ પૂજન) | માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડિયા-માટુંગા) |

# સાંયરાના હૃદયરોગ નિષ્ણાંત ડૉ. આશિષ શાહ-મોમાયાની વીનીપેગ કેનેડામાં તબીબી ક્ષેત્રે અદ્ભૂત સેવાઓ





સાંયરાના ડૉ. આશિષ શાહ (હિરજી ખેતશી મોમાયા) ભારતીય મૂળના ચિકિત્સક ગુજરાત યુનિવર્સિટીમાં એમ.બી.બી.એસ.ડિગ્રી અને એમ.ડી. ડિગ્રી મેળવી તબીબી ક્ષેત્રે પોતાની કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ યુ.કે. ગયાં જ્યાં એમઆરસીપી હાંસલ કરી અને સામાન્ય અને ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીની તાલીમ લીધી. આ સમય દરમ્યાન તેમણે કિંગ્સ કોલેજ લંડનમાંથી સંશોધનમાં ડોક્ટરેટની પદવી પ્રાપ્ત કરી. યુ.કે.ની તાલીમ પૂર્ણ થયા બાદ તેઓ કેનેડાના ટોરેન્ટોના જનરલ હોસ્પિટલમાં અદ્યતન ફેલોશીપ તાલીમ લીધી. જે ત્રણમાં કોરોનાથી જન્મજાત અને માળખાકીય હૃદયરોગના હસ્તક્ષેપમાં વિશેષતા ધરાવે છે. હાલમાં ડોક્ટર આશિષ શાહ-મોમાયા કેનેડાની યુનિવર્સિટી ઓફ મેનિટોબામાં ક્લિનિશિયન સાયન્ટિસ્ટ તરીકે તથા કેનેડાના વીનીપેગમાં સેન્ટ બોનિફેસ હોસ્પિટલમાં હૃદયરોગના નિષ્ણાંત તરીકે સેવા આપે છે. તેમની સંશોધન રૂચિ જન્મજાત અને માળખાકીય હૃદયના રોગો ધરાવતા દર્દીઓમાં હેમોડાયનેમિક્સ અને બાયોમાર્કર લાક્ષણિકતા પર કેન્દ્રિત છે.


## ભાવના શોપી – પ્લસ સાઈઝ સ્ટોર ડોંબીવલી (ઈ.)

નાઈટી, નાઈટ સુટ અને ફીડીંગ નાઈટીની નવી વેરાયટી અને નવો સ્ટોક આવી ગયો છે. **M** થી **5XL** સુધીની સાઈઝ ઉપલબ્ધ. હોલસેલ અને રીટેલ. રીસેલર અને ઘરેથી કામ કરનાર આવકાર્ય. એકવાર જરૂર ખાત્રી કરી જુઓ.

ભાવના શોપી, જી-૭-એ-૬ સવિતા સોસયટી, (આર.એન્કલેવ માર્કેટ), લક્ષ્મી માર્કેટની સામે, કેલકર ક્રોસ રોડ, ડોંબિવલી (ઈસ્ટ) ૪૨૧૨૦૧.

**ભાવના**

**88283 02626**

# પ.પૂ.સાધ્વીશ્રી વંદનગુણાશ્રીજી મ.સા. એ સંયમ જીવનના ૨૦મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૬૨ ચૈત્ર સુદ ૯ તિથિ દિને કચ્છ જખૌના માવિત્ર માતુશ્રી ભાગ્યલક્ષ્મીબેન નીતિનભાઈ નાગડાના ગુણસંસ્કારી પુત્રી સંયમજીવનના માર્ગે આગળ વધવાના દ્રઢ નિશ્ચય ભાવ સાથે સાંયરા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ. સાધવીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી વંદનગુણાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથનું વિચરણ શરૂ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ અને આરાધના કરતા પાંચ, દસ, પંદરથી આગળ વધી અઢાર વર્ષ બાદ આજે વિક્રમ સંવત ૨૦૮૧ના ચૈત્ર વદ ૯ તિથિ દિને પૂજ્ય સાહેબજી સંયમ જીવનના ઓગણીસ વર્ષ પૂર્ણ કરી બીજા દાયકામાં વીસમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ સિધ્ધિ દિને સૌ ગુરૂભક્તોની લાગણી ભાવ છે કે સાહેબજી અવિરત આગળ વધતાં રહી સંયમ જીવનપથના રજત, સુવર્ણ, હીરક, અમૃતથી આગળ વધી સિધ્ધિ શિખર રૂપ સુર્વણ વર્ષ પૂર્ણ કરે. આ શુભકામના સાથએ પૂજ્ય સાહેબજીને શત શતવંદના.

---

# શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ પાવાગઢ દ્વારા પાવાગઢ ડુંગરે ચા-નાસ્તાની જમવાની અને રાત્રિ રોકાણની ટોકન દરે વ્યવસ્થા કરાઈ

વર્ષોથી માંગ હતી કે પાવાગઢ ડુંગરે શ્રી કાલીકા માતાજી મંદિરે દર્શન કરવા જતાં શ્રધ્ધાળુ યાત્રિકોને ભોજન સાથે વિશ્રામની સુવિધા મળે. જેની પૂર્તિ કરતા મંદિર ટ્રસ્ટ દ્વારા દૂધિયા તળાવ ખાતે ૬૫૦ થી વધુ ભક્તો એક સાથે ભોજન લઈ શકે અને ૧૫૦૦ થી વધુ જણ રાત રોકાઈ વિશ્રામ લઈ શકે એની સુવિધા કરાઈ છે. શુધ્ધ સાત્વિક ભોજન રૂા.૨૦ના દરે, ચા-નાસ્તો રૂા.૨૦ ના દરે અને રાત્રી રોકાણ કરવા ગાદલું, ઓશિકું, ચાદર સાથેનો ઉપયોગ માત્ર રૂા.૫૦ના દરે ભાવિકજનોને અપાશે. આ સુવિધાનો પ્રારંભ કરાયો હોવાની જાહેરાત ટ્રસ્ટના મંત્રી અશોકભાઈ પંડ્યા દ્વારા કરાઈ. સુવિધા પ્રારંભ પ્રસંગે ટ્રસ્ટ પ્રમુખ, પદાધિકારીઓ, જિલ્લા કલેક્ટર, જિલ્લા એસ.પી.સ્થાનિક ધારાસભ્ય, કણજરી રામજી મંદિર મહંત શ્રી રામશરણ દાસજી મહારાજ અને સંત કેશવદાસજી સ્વામીની હાજરી રહી હતી.



# તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં ચૈત્રી આયંબિલ ઓળીની ભવ્ય આરાધનાઓ થઈ









દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં તા.૪ એપ્રિલ શુક્રવારથી ચૈત્રી આયંબિલ ઓળીની આરાધના ભવ્યતા સાથે આરંભ થઈ. જેમાં ૩૫ તપસ્વીઓ જોડાયા હતા. છૂટક રીતે રોજે રોજ ૧૦ થી ૧૫ ભાવિક જોડાયા હતા. આયંબિલ ઓળી માટે દાતાઓનો સહયોગ મળ્યો હતો. જ્યારે એક દિવસ માટે સામૂહિક યોગદાન મળ્યું હતું. તા.૧૩ એપ્રિલ રવિવારના નવપદ આયંબિલ ઓળીના પારણા સવાર સમયે થયાં હતા. ઓળીના ૩૫ તપસ્વીઓ અને ૧૦ છૂટક આયંબિલ તપસ્વીઓના પારણાના લાભાર્થી માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન મોમાયા વરાડિયાએ લીધેલ. સર્વે તપસ્વીઓનું બહુમાન શ્રી સંઘ તરફથી કરવામાં આવેલ. આયંબિલ ઓળીની તપ આરાધના માટેની વ્યવસ્થા ટ્રસ્ટીઓ દીપક છેડા, રતિલાલ વેરશી નાગડા, પ્રતાપ હંસરાજ નાગડા અને રાજીવ બુધ્ધિધન મોમાયાએ યોગ્યપણે જાળવી હતી.

## શ્રી કુંથુનાથ મહિલા મંડળ, રાયપુરની આગામી ટર્મ માટે સર્વ સમંતિથી પદાધિકારીઓનું વરણી કરાઈ

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુરની અંતર્ગતના મહિલા સંગઠન શ્રી કુંથુનાથ મહિલા મંડળ રાયપુરની આગામી ત્રણ વર્ષ માટેની ટર્મ માટેની ચૂંટણી માટે તા.૧૩ એપ્રિલ રવિવારના મહાજન પ્રમુખ ચંદ્રેશ વીરચંદ છેડાને આમંત્રિત કરવામાં આવેલા હતા. મહિલા મંડળના પદાધિકારીઓની વરણી સર્વ સંમતિથી કરાઈ હતી. જેમાં અધ્યક્ષ તરીકે સૌ. કલ્પના ચેતકભાઈ લોડાયા, ઉપાધ્યક્ષ : સૌ. હેમલ મનિષભાઈ લોડાયા, સચિવ : સૌ. ડિમ્પલ જયેશભાઈ નાગડા, સહસચિવ : સૌ. દીપા દીપકભાઈ લાલકા, કોષાધ્યક્ષ : સૌ. ભવ્યા અમિતભાઈ જીવાણીની વરણી થઈ રહતી. નવ નિયુક્ત પદાધિકારીઓની વરણીની ઘોષણાને ઉપસ્થિત સૌએ હર્ષ ધ્વનિ કરી વધાવી લીધી હતી. સૌ નવા પદાધિકારીઓને હાર્દિક અભિનંદન સાથે આગામી સમય કાર્યકાળ દરમ્યાન મહિલા ઉપયોગી કાર્ય સાથે જ્ઞાતિ સેવા સંગઠન માટે અવિરત કાર્યો થાય એ શુભકામના.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સુથરીના મોવડીઓએ ચાતુર્માસ માટેનો આજ્ઞાપત્ર સ્વીકાર્યો

તા.૧૧ એપ્રિલ શુક્રવારના અમદાવાદ મધ્યે અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે વિક્રમ સંવત ૨૦૮૧ના ચાતુર્માસ માટેનો આજ્ઞાપત્ર શ્રી ક.દ. ઓ.જૈન જ્ઞાતિ મહાજન સુથરીના મોવડીઓ એ જયકાર બોલાવી સ્વીકાર્યો. આગામી ચાતુર્માસની નિશ્રા પ્રર્વતિક પ.પૂ.સાધ્વીજી પુણ્યોસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ની સુથરી સંઘને મળી છે.



# શ્રી શત્રુંજય એકેડેમી સંચાલિત શ્રી શત્રુંજય મુક્તિ સભ્યગ્જ્ઞાન અભ્યાસક્રમમાં જોડાવવા માટે આમંત્રણ

